આવેલ ૨૮ રમતો અહીં દર્શાવેલ છે. તેમાં નવ (૯) રમતો નો સમાવેશ આ ઓલિમ્પિકમાં પહેલીવાર કરવામાં આવ્યો છે.

(૧) એકવેટીક્સ - Aquatics (૨) આર્ચરી - Archery (૩) એથલેટીક્સ - Athletics (૪) બેડમીન્ટન - Badminton (૫) બેઝ બોલ - Base Ball (૬) બાસ્કેટ બોલ - Basket Ball (૭) બોક્સીંગ - Boxing (૮) કેનોય - Canoe (૯) સાયકલીંગ - Cycling (૧૦) એકવેસ્ટ્રીઅન - Equestrian (૧૧) ફેન્સીંગ - Fencing (૧૨) ફીલ્ડ હોકી - Field Hokey (૧૩) ફુટબોલ - Foot Ball (૧૪) જીમનાસ્ટીક - Gymnastics (૧૫) હેન્ડબોલ - Hand Ball (૧૬) જુડો - Judo (૧૭) મોડર્ન પેન્ટેથલોન - Modern Pentathlon (૧૮) રોઈંગ - Rowing (૧૯) સેઈલીંગ - Sailing (૨૦) શુટીંગ - Shooting (૨૧) સોફટબોલ - Soft Ball (૨૨) ટેબલ ટેનીસ - Table Tennis (૨૩) ટેકવોન્ડો - Taekwondo (૨૪) ટેનીસ - Tennis (૨૫) ટ્રાઈથલોન - Triathlon (૨૬) વોલીબોલ - Volley Ball (૨૭) વેઈટ લીફટીંગ - Weight Lifting (૨૮) રેસલીંગ - Wrestling.

આપણે જ્ઞાન કિરણના આવતા અંકોમાં ઉપરોક્ત રમત વિશે એક પછી એક વિગતવાર ચર્ચા કરવાનો પ્રયત્ન કરીશું. ★

## મેઘધનુષ્ય / RAINBOW




Rainbow (મેઘધનુષ્ય) એ ઘણા બધા રંગોનું બનેલું હોય છે. અને તે ત્યારે દેખાય છે જ્યારે વરસાદમાં સૂર્યના કિરણો હાજર હોય.

હવે મેઘધનુષ્ય કઈ રીતે બને છે ? સૂર્યના કિરણો કે જે સફેદ રંગના હોય છે, પરંતુ તે વાસ્તવિક રીતે સાત રંગોનું મિશ્રણ હોય છે. આ રંગો જાંબલી, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી, રાતો (જાનીવાલીપીનારા કે જે અંગ્રેજીના VIBGYOR તરીકે પણ ઉચ્ચારી શકાય છે.) આ જાનીવાલીપીનારા (VIBGYOR) એ દરેક રંગના પ્રથમ અક્ષરથી બનેલ છે. સૂર્યના કિરણનું વિવિધ રંગોમાં બદલાવું એ Dispersion (વિખરવું) કહેવાય છે. અને રંગોની દરેક પટ્ટીને Spectrum (વર્ણપટ્ટ) કહેવાય છે.

મેઘધનુષ્ય એ સામાન્ય રીતે વરસાદ બાદ જોવા મળે છે. કે જ્યારે વાતારવણ પાણીની બુંદોથી ભરાયેલું હોય છે. આ પાણીની બુંદ એ નાના પ્રીઝમની (પ્રીઝમ એ એવી વસ્તુ છે કે જે સૂર્યના કિરણને સાત રંગોમાં વિભાજીત કરે છે.) જેમ વર્તે છે. જ્યારે સૂર્યનું કિરણ આ બુંદ પર પડે છે ત્યારે સૂર્યના સફેદ પ્રકાશ એ વિચલીત થઈને સાત રંગોમાં વિખેરાય છે. સૂર્યનું દરેક કિરણ કોઈક ચોક્કસ નહીં પરંતુ વિવિધ કોણ (Angle) પર વિચલીત થાય છે, જેથી રંગો વિભાજીત થાય છે. અને આપણને વિવિધ રંગો દેખાય છે.

મેઘધનુષ્ય અર્ધ ગોળાકાર હોય છે. મેઘધનુષ્ય મુખ્યત્વે આકાશમાં સૂર્યની વિરુધ્ધ દિશામાં દેખાય છે. એ અનિવાર્ય છે કે સૂર્ય કિરણોની હાજરી વરસાદ પછી હોય કે જેથી મેઘધનુષ્ય બની શકે અને બીજી વસ્તુ એ પણ છે કે સૂર્ય, આપણી આંખો અને મેઘધનુષ્યનું કેન્દ્ર એ એકજ રેખા પર હોવા જોઈએ.

**- વારીસઅલી એમ. પલસાણીયા**
B.E.(E.C.) અમદાવાદ.

### શબ્દકોષ / DICTIONARY

| Planets | | ગ્રહો |
|---|---|---|
| Mercury | મરક્યુરી | બુધ |
| Venus | વીનસ | શુક્ર |
| Earth | અર્થ | પૃથ્વી |
| Mars | માર્સ | મંગળ |
| Jupiter | જ્યુપીટર | ગુરુ |
| Saturn | સેટર્ન | શનિ |
| Uranus | યુરેનસ | યુરેનસ, હર્ષલ |
| Neptune | નેપ્ચ્યુન | નેપ્ચ્યુન |
| Pluto | પ્લૂટો | પ્લૂટો |

**કવીઝ કોમ્પીટીશનની નોંધણી અને જ્ઞાન કિરણ વિષે કોઈપણ માહિતી માટે સંપર્ક કરો :**


અહેસાનઅલી ઘો (૦૯૯૭૯૧૧૬૦૯૮) ❖ નજરહુસેન કડીવાલા (૦૯૮૭૯૦૯૭૫૩૦)
શબ્બીરઅલી પરબડીયા (૦૯૮૨૫૯૧૯૯૭૧) ❖ હસનઅબ્બાસ ચૌધરી (૦૯૮૭૯૮૨૮૪૧૫)
આબીદઅલી સાઠીયા (૦૯૮૯૨૧૩૬૭૯૦) ❖ ઈ-મેઈલ : gnankiran@gmail.com



PRINTED BOOKPOST

૭૮૬ / ૧૨૧ — THE RAY OF KNOWLEDGE — જ્ઞાન કિરણ — ૪૨૯ / ૧૪૩

સળંગ અંક : ૩૪ — શૈક્ષણિક સામયિક - An Education-oriented magazine — ઓક્ટોબર : '૦૮


આપનો આભાર.

શીઆહ જાફરી મશાયખી મોમીન જમાઅતના શૈક્ષણિક જાગૃતિ અભિયાન હેઠળ ચાલતા આ શૈક્ષણિક સામયિક ''જ્ઞાન કિરણ'' ના માનવંતા ગ્રાહકોને સલામ.

## ...દીલગીર છીએ...

શિક્ષણની જ્યોતને પ્રગટાવવા આપના પરિવારે જ્ઞાન કિરણ સામયિકના ગ્રાહક બની નોંધપાત્ર ફાળો આપ્યો છે. તે બદલ TFVEC અને જ્ઞાન કિરણના સંપાદક મિત્રો આપનો આભાર માને છે. જેમ એક છોડ વટવૃક્ષ બનવા માટે જેટલો સમય અને સમસ્યાઓનો સામનો કરે છે તેવીજ રીતે દરેક સામયિક ને પોતાનો વિસ્તરણ કરવા તથા પ્રસિદ્ધિ મેળવવા માટે ઝઝુમવું પડે છે. આપણા જ સમાજના ભણતાં વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા પ્રકાશિત કરવામાં આવતા આ સામયિકના વહિવટી અને નવા વર્ષ ૨૦૦૮માં બહોળા વિસ્તારમાં વિતરણ કરવામાં કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. તેથી સામયિકના ગ્રાહક મિત્રોને પડેલી તકલીફો જેવીકે, સામયિક સમયસર ન મળવું, અત્યાર સુધીનું એક પણ અંક ન મળવું, નવા સરનામાની નોંધ, લવાજમની રસીદ ન મળી હોય, આવી તકલીફો માનવંતા ગ્રાહકોને પડી તે બદલ સંપાદક મંડળ અને વિતરણ કમિટી ક્ષમા માંગે છે. તેથી ઓકટોબર મહિનાથી જ્ઞાન કિરણને પોસ્ટથી મોકલવાની કોશીશ કરી રહ્યા છીએ.

એક કિરણ કાફી હૈ અંધેરેકો ચીરને કે લીએ, એજ રીતે શૈક્ષણિક સમસ્યાઓ દુર કરવા તેમજ શૈક્ષણિક માહિતી પુરી પાડવા જ્ઞાન કિરણ પોતાનાથી થતી બધીજ પ્રવૃત્તિઓ કરવા આતુર છે. સંચાલન કમિટી TFVEC દર વર્ષે AVM ના સહયોગથી 'જનરલ નોલેજ કવીઝ કોમ્પીટીશન', નાના ભુલકાઓની 'કીડઝ કોમ્પીટીશન' તથા 'ફુલ સ્કેપ ચોપડાઓનું વિતરણ' કરતી રહી છે. ચાલુ વર્ષે ઓકટોબર ૨૦૦૮ માં વાઘરોલ ગામ ખાતે ઈલ્મોત્સવ-૨૦૦૮ ઉજવવામાં આવશે જેનો કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

## ઈલ્મોત્સવ-૨૦૦૮

| | | | |
|---|---|---|---|
| તા. ૨૫-૧૦-૨૦૦૮ | બપોરે | ૧:૦૦ વાગે | ચિત્ર સ્પર્ધા |
| | બપોરે | ૩:૦૦ વાગે | મહેંદી સ્પર્ધા |
| તા. ૨૬-૧૦-૨૦૦૮ | સવારે | ૯:૦૦ વાગે | કીડઝ કોમ્પીટીશન અને<br>સાથોસાથ કવીઝ કોમ્પીટીશનનો પ્રાથમીક (લેખીત) રાઉન્ડ |
| | સવારે | ૧૧:૩૦ વાગે | જમણવાર |
| | બપોરે | ૧:૦૦ વાગે | કવીઝ કોમ્પીટીશનનો ફાઈનલ (મૌખીક) રાઉન્ડ |
| | સાંજે | ૪:૦૦ વાગે | ઈનામ વિતરણ |

તો આપ સૌ ઈલ્મોત્સવ-૨૦૦૮ માં ઉપસ્થિત રહી "TFVEC" અને ''વાઘરોલ શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત'' ના આમંત્રણને માન આપશો.

નોંધ : ❖ તા. ૨૫-૧૦-૨૦૦૮ ના કાર્યક્રમમાં માત્ર વાઘરોલ ગામના લોકો જ ભાગ લઈ શકશે. ❖ કીડઝ્ કોમ્પીટીશનમાં આપણા સમાજની 'બોસ્તાન-એ-તીફલાન' નર્સરીના બાળકો સ્ટેજ પર તેમની મનગમતી પ્રવૃત્તિઓ રજુ કરશે. આ વર્ષે આ બાળકો શિક્ષણને લગતી પ્રવૃત્તિઓ રજુ કરશે. ❖ કવીઝ કોમ્પીટીશનમાં ૧૮ વર્ષ થી ઉપરના દરેક વ્યક્તિઓ ભાગ લઈ શકશે. એક ટીમમાં ૩ વ્યક્તિઓ હોવા જોઈએ.

# પાયાને મક્કમ કરીએ / FIRM OUR ROOTS

ઉપરોક્ત શિર્ષકના સંદર્ભમાં અત્રે આપણે માનવીની મુળભુત આવશ્યક જરૂરિયાતો વિષે વિગતવાર અભ્યાસ કરીશું. સદરહુ વિષયના અનુસંધાન આપના સુચનો અને નવિન માહિતી આવકાર્ય છે. કે જેથી તેનો લાભ અન્ય લોકો ને પણ મળી શકે.

માનવીની જેવી સામાજીક ત્રણ જરૂરીયાત છે : (૧) રોટી (અન્ન) (૨) વસ્ત્ર (૩) રહેઠાણ, તેવી જ રીતે મનુષ્ય જીવનની ત્રણ પ્રાથમીક અતી આવશ્યક જરૂરીયાતો છે : (૧) હવા (૨) પાણી (૩) અગ્નિ કે જેનાથી પૃથ્વી ઉપરનું કુદરતનું ચક્ર અવિરત ચાલ્યા કરે છે.

## વીજળી / ELECTRICITY

આપણે અહીં માનવીની પ્રાથમીક આવશ્યકતા પૈકીની એક અગ્નિ ના સ્વરૂપ જેવી અને માનવીની રોજીંદા કાર્યમાં વણાઈ ગયેલી આવશ્યક અને જરૂરી એવી 'વીજળી' વીશે ઉંડાણપૂર્વક ચર્ચા કરવાની છે.

જેમ માનવીને તેની જીંદગી ટકાવી રાખવા દવાની જરૂર છે. તેમ હાલના યુગમાં માનવીની રોજીંદી ક્રિયાઓ અને વૈશ્વિક ચક્રને ફરતું રાખવા માટે વીજળીની જરૂરીયાત પણ તેના જેટલી જ છે. સામાન્ય વ્યક્તિ વીજળી વગરના જીવનની કલ્પના કરે તો પણ તે તેને ગંભીરતાથી લેતો નથી. પરંતુ કોઈપણ વસ્તુની કિંમત ત્યારે જ મહત્વની લાગે છે, જ્યારે તે તમારી પાસે ઉપલબ્ધ ન હોય. જ્યારે તમે અંધારામાં અટવાતા હોય અથવા અસહ્ય ગરમીથી ત્રસ્ત હોવ ત્યારે જ તમને વીજળીની અગત્યતા અને મહત્તા સમજાય છે. હાલના યુગમાં દરેક ક્ષેત્રમાં વીજળીનો વપરાશ એટલો વીપુલ અને આવશ્યક થઈ ગયો છે કે તેના વગર દુનિયા અટકી પડે તેવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ ન લાગે.

આપ વીજળી વગરની જીવનશૈલીની કલ્પના કરી શકો છો? આપણામાંના ઘણા બધા વીજળીની આવશ્યકતા અને મહત્તા વિશે જાણતા હોવા છતાં તે બાબતે ગંભીર અથવા જવાબદાર નથી. આપણા જીવનમાં હવા અને પાણીની જેટલી આવશ્યકતા છે તેટલીજ આ આધુનીક યુગમાં વીજળીની જરૂરિયાત છે. આપણા રોજીંદા ઘરેલું કાર્ય જેવાકે લાઈટીંગ, કુલીંગ, હીટીંગ અને આધુનકી ઉપકરણોનું સંચાલન વીજળી વગર અશક્ય છે. કોમ્પ્યુટર, ઘરઘંટી, વૉશીંગ મશીન, ટી.વી. વેગેરે તેના ઉદાહરણ છે. વીજળી આપણી પાસે એક એવું સ્ત્રોત છે જેનું નિયમન કરી સગવડતાથી સ્થળાંતર પણ કરી શકાય છે. ગરમી, પ્રકાશ અને શક્તિનું ઉત્પાદન પણ વીજળી કરે છે.

**વ્યાખ્યા :** વીજળી એક ઉત્પાદીત વસ્તુ છે. પાણી, હવા અને સૂર્યપ્રકાશ તે કુદરતી સ્ત્રોત છે. પરંતુ વીજળી કુદરતમાંથી સીધી રીતે પ્રાપ્ય નથી. વીજળીનું ઉત્પાદન કરવું પડે છે. વીજળી ઉત્પાદન કરનાર એકમને જનરેટર કહેવામાં આવે છે. ઘણાં જનરેટર હવા, પાણી અથવા સૂર્યપ્રકાશથી ચાલતા હોય છે. દા.ત. : પવનચક્કી, સોલારપાવર, ડેમ, જનરેટર દ્વારા ઉત્પન્ન થતી વીજળીને તાંબાના વાયરના માધ્યમથી લાંબા અંતર સુધી સ્થળાંતરીત કરી શકાય છે.

સામાન્ય લોકો માટે વીજળી એટલે લાઈટની સ્વીચ ઓન કરવી કે ટી.વી.નું બટન ચાલુ કરવા જેટલું જ સીમીત હોય છે. પરંતુ વીજળી ઉપલબ્ધ હોતી નથી ત્યારે જ આપણી દૈનિક રોજીંદી ક્રિયામાં વીજળીનું મહત્વ કેટલું છે તે સમજાય છે. છતાં પણ તે વિશે કોઈ ગંભીર રીતે વિચારતું નથી.

પ્રાચિન યુગમાં કે જ્યારે વીજળી ઉત્પાદીત થતી નહોતી, ત્યારે માનવીએ રોજીંદા વપરાશમાં લાકડા, મીણબત્તી, કોલસા જેવી વસ્તુનો ઉપયોગ કરેલ છે. પરંતુ વીજળીની શોધે માનવી માટે સંશોધન અને વિકાસ માટે ક્ષિતીજોના દરવાજા ખોલી નાખ્યા છે. આજના આધુનીક યુગમાંથી વીજળીની બાદબાકી કરો તો માનવી અર્વાચીન યુગમાં જતો રહે. વીજળી વગરની હાલની દુનિયાની કલ્પના ન કરી શકાય. હાલના યુગમાં દરેક ક્ષેત્ર વીજળી વગર પાંગળુ બની જાય છે. આધુનિક જીવનશૈલીનો એક પર્યાય બની ગઈ છે 'વીજળી'. ★

### સપ્ટેમ્બર '૦૮ અંકના જવાબો

૧. રોજર ફેડરર (Roger Federer) ૨. ઈરાન (Iran)
૩. રાજસ્થાન (Rajasthan) ૪. વોલ્ટ ડીઝની (Walt Disney)
૫. ગ્રેહામ બેલ (Graham Bell)

### સામાન્ય જ્ઞાનની ચકાસણી / TEST YOUR GK

૧. પૃથ્વી પરનો સૌથી નાનો ખંડ કયો છે ?
Which is the smallest continent on earth?

૨. સૌથી મોટો ગ્રહ કયો છે ?
Which is the biggest planet?

૩. હરયાણા રાજ્યનું પાટનગર કયું છે ?
What is the capital of Haryana?

૪. ઓલિમ્પિક્સ ૨૦૦૮ કયા શહેરમાં યોજાયું હતું ?
Olympics 2008 was held in which city?

૫. ઈરાન દેશના રાષ્ટ્રપતિ કોણ છે?
Who is the president of Iran?

# ચાલો રમીએ / LET'S PLAY

આ શિર્ષક નીચે આપણે જુદી-જુદી રમતો (Sports) ની ચર્ચા કરીશું. તેની શરૂઆત વિશ્વના સૌથી મોટા રમતોત્સવથી કરીએ.

## ઓલિમ્પિક રમતો / OLYMPIC GAMES

### ''જોમ - જુસ્સો - ઝીંદાદીલીનો મહાખેલ કુંભ''

સમગ્ર વિશ્વને એક તાંતણે બાંધતું માધ્યમ કયું?... નિર્વિવાદ પણે તે માધ્યમમાં રમત-ગમત અગ્રેસર છે. ઓલિમ્પિક રમતોત્સવની શરૂઆતના મુળમાં પણ આ ભાવના રહેલ છે. ઓલિમ્પિક રમતોત્સવ સમગ્ર વિશ્વના રમતવીરોને એક મંચ ઉપર એકઠા કરીને ભાઈચારાની ભાવના વિકસાવે છે.

ઓલિમ્પિક રમતોત્સવ બે યગુમાં વહેંચી શકાય : (૧) પ્રાચીન અને (૨) આધુનિક.

**પ્રાચીન ઓલિમ્પિક** સૌ પ્રથમ ગ્રીસ દેશના 'ઓલમ્પિયા' શહેરમાં ૭૭૬ B.C. (ઈસ્વીસન પૂર્વે) રમાયી હતી. આ સ્થળના નામ પરથી આ રમતોનું નામ પડેલું છે. આ પ્રથમ રમત ૫ દિવસ માટે રમાયી હતી અને ગ્રીસના લોકો દ્વારા તે નિહાળવામાં આવી હતી.

શરૂઆતમાં ફક્ત ગ્રીસના રમતવીરો આ સ્પર્ધામાં ભાગ લેતા હતા. સમય જતા આ રમતોને ધાર્મિક ઉત્સવ તરીકે ધ્યાનમાં લેવામાં આવી. આ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓ રમતમાં ભાગ લેતા પહેલા ગ્રીકોના ભગવાન ઝીઅસ (Zeus) ની પૂજા-ઉપાસના કરતા અને રમતની શરૂઆત કરતા. આ રમતના વિજેતાને મંદિરમાં ઉગાડેલા ઓલિવ (Olive) નામના ઝાડની ડાળી આપવામાં આવતી. તે દિવસો દરમિયાન સ્ત્રીઓ આ રમતોમાં ભાગ લઈ શકતી નહોતી.

ઓલિમ્પિક રમતો લગભગ ૧૧૦૦ વર્ષ સુધી ચાલી અને ઈ.સ. ૩૯૩ માં રોમના રાજા થીઓડોસીઅસ (Theodosius) એ આ રમતો પર પ્રતિબંધ મુકી દીધો. તેને આ કામ ગ્રીસને પોતાના કાબુમાં લઈને કર્યું હતું. આ પ્રતિબંધ ૧૪૬૫ વર્ષ સુધી ચાલ્યો. ત્યારબાર ૧૮૫૯ માં ગ્રીસના ઝાપાસ (Zappas) એ ચાર ઓલિમ્પિક રમતોની યોજના કરી અને તે ૧૮૫૯, ૧૮૭૦, ૧૮૭૫, અને ૧૮૮૯ માં યોજાઈ. પરંતુ તેમના મૃત્યુ બાદ ફરીથી આ રમતો થોડા સમય માટે અટકી ગઈ.

**આધુનિક ઓલિમ્પિક** રમતો એક ફ્રેન્ચ શિક્ષક બેરોન પીયર ડી કોબરટી (Baron Pierre de Coubertin) એ ૧૮૯૬ માં ફરીથી શરૂ કરી. આ રમતો 'એથેન્સ' શહેરમાં રમાયી હતી. જે ગ્રીસનું પાટનગર છે. ૧૩ દેશોના ૩૧૧ ખેલાડીઓએ આ રમતમાં ભાગ લીધો હતો, જેમાંથી ૨૩૦ ગ્રીસના હતા.

આધુનિક ઓલિમ્પિકનું ગ્રીષ્મ (Summer) અને શરદ (Winter) ઓલિમ્પિક એમ બે પ્રકારે આયોજન થાય છે. ઓલિમ્પિક રમતોસ્તવ દર ચાર વર્ષે યોજવામાં આવે છે. અગાઉની ઓલિમ્પિક એથેન્સમાં ૨૦૦૪ માં યોજવામાં આવી હતી. જ્યારે એશીયા ખંડમાં સૌ પ્રથમ આયોજન ૧૯૬૪ માં ટોકીયો - જાપાન, ત્યારબાદ ૧૯૮૮માં સીયોલ - સાઉથ કોરીયામાં થયું હતું. બેઈજીંગ ૨૦૦૮ ઓલિમ્પિક એશીયામાં ત્રીજી વખત યોજાયેલ ઓલિમ્પિક છે. ઓલિમ્પિક રમતોત્સવના યજમાન પદે રહેવું તે જે તે દેશ માટે ગૌરવપૂર્ણ બાબત છે.

ઓલિમ્પિક રમતોત્સવ સ્પર્ધાના ત્રણ વિજેતાઓને અનુક્રમે સોનું (Gold) , ચાંદી (Silver) અને કાંસ્ય (Bronze) મેડલથી સન્માનીત કરવામાં આવે છે. ૧૯૫૬ થી ૧૯૯૨ સુધી (રશીયા) સોવીયત યુનીયને મેડલ રેસમાં પોતાની સર્વોપરિતા રાખી હતી. ત્યાર બાદ રમાયેલ ૧૯૯૭, ૨૦૦૦ અને ૨૦૦૪ ની ઓલિમ્પિકમાં સૌથી વધારે મેડલ જીતનાર દેશ અમેરીકા છે.

આ મહા રમતોસ્તવનું વ્યવસ્થિત આયોજન અને નિયમન કરવા માટે ૧૮૯૪ માં ઈન્ટરનેશન ઓલિમ્પિક કમિટી (International Olympic Committee) ની સ્થાપના કરવામાં આવી હતી. તેના ચેરમેન ફ્રાન્સના પીયરે ફેડી હતા. આ સમિતિ રાજકારણ થી અલિપ્ત રહી રમતોત્સવનું સંચાલન કરે છે. કમિટીનો મુખ્ય ઉદ્દેશ અને સુત્ર વિશ્વભરમાં ફેલાયેલા રમતવિરોને ભેગા કરી તેમની વચ્ચે જુદી જુદી રમતોમાં તંદુરસ્ત (તટસ્થ) હરિફાઈ પૂરી પાડી તેઓને યોગ્ય મંચ પૂરું પાડવું છે. ઓલિમ્પિક કમિટીનું મુળ સુત્ર છે : **Faster, Higher, Stonger.**

હાલમાં રમાઈ ગયેલ બેઈજીંગ ૨૦૦૮ નું મુખ્ય સુત્ર **One World, One Dream** (એક વિશ્વ - એક સ્વપ્ન) હતું. બેઈજીંગ ૨૦૦૮ ના મોસ્કોટ પણ ઓલિમ્પિકની પાંચ રીંગ પ્રમાણે પાંચ પસંદ કર્યા છે. ઓલિમ્પિકના મુળ લોગોમાં આવેલ પાંચ રીંગ ને વિશ્વના પાંચ ખંડ ને દર્શાવે છે. (૧) એશીયા (૨) આફ્રિકા (૩) યુરોપ (૪) અમેરકા (૫) ઓસ્ટ્રેલીયા. બેઈજીંગ ૨૦૦૮ ના મોસ્કોટ (Doll-ઢીંગલા) તે અનુક્રમે પ્રખ્યાતિ, સુખ, જોમ, સ્વાસ્થ્ય અને સહનશીલ ના પ્રતિક છે. આ ઓલિમ્પિકમાં વિશ્વના અલગ અલગ દેશોના કુલ ૧૦,૫૦૦ ખેલાડીઓએ ૨૮ રમતોની ૩૦૨ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. આ ઓલિમ્પિકમાં સમાવેશ કરવામાં